

## કરોડોના ખર્ચે બનાવાયેલી ગટર યોજના બંધ હાલતમાં

ખેડબ્રહ્મા શહેરના અંદર પાંચ વર્ષ પહેલા શહેરી વિકાસ માટે ૪૨.૧૧ કરોડની અંદાજીત રકમના ખર્ચ કરી ભુગર્ભ ગટર યોજના અંતર્ગત ગટર લાઈનનુ કામ કરવા માટે ભુગન એન્જીનીયર આપવામા આવ્યુ હતુ. એસટીપીની જગ્યાના અભાવના કારણે અધીકારી અને કોન્ટ્રાકટરની મીલીભગતને લઈને આ કામ પાંચ વર્ષ થવા છતા આજ દિન સુધી આ ગટર યોજના ચાલુ થઈ નથી, જ્યારે અઢી વર્ષ સત્તા પર આવ્યા બાદ ભાજપ સરકારથી કોઈ પણ પગલા ભરવામા ન આવતા આખરે સત્તા ગુમાવી હતી. ત્યારે તેને પછીની સરકાર કોંગ્રેસ સરકાર આવી તેને પણ અઢી વર્ષ બાદ જેસે થે હાલ મા છે આ બાબતે પ્રજા આગટર યોજના ક્યારે ચાલુ થસે તેની કાગ ડોલે રાહ જોઈ રહી છે હાલમા ખેડબ્રહ્મા નગરપાલિકા ચૂંટણી માટે મેદાનમા છે. ત્યારે પ્રજાનો એક સવાલ એજ છે કે આ વખતે ગટરલાઈન ચાલુ થશે કે કેમ ? આ અંગે ખેડબ્રહ્મા ચીફ ઓફિસરને પુછપરછ કરતા તેણે કહ્યુ કે આ ચાલુ સરકારને પુછો. હું આ બાબતે કોઈ પણ પ્રકારની માહિતી જાણતો નથી તેમ કહી વાતને ઢાકવાનો પ્રયત્ન કર્યો હતો.

# પ્રાંતિજના નવાપુરામાં ગટરો ઉભરાઈ, રહિશો ત્રાહિમામ પોકારી ઉઠ્યા

પ્રાંતિજ, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નગરપાલિકા વિસ્તારમાં આવેલ નવાપુરા ખાતે ગટરો ઉભરાતા રહીશો તોબા પોકારી ઉઠયા છે. આ વિસ્તારના રહિશો દ્વારા પ્રાંતિજ નગરપાલિકામાં અનેકવાર રજુઆતો કર્યા છતાં આવેલ ખેતરોમાં જવાના નાળીયામાં થઈને રહેણાક વિસ્તારના પાછળ થઈને બોખમાં હાલ તો ઠલવાઈ રહ્યું છે. નાળીયા વિસ્તારમાં તથા આજુબાજુના વિસ્તારમાં રહેતા લોકોને રાત દિવસ ગંદકીમાંથી પસાર થવાની સાથે દૂર્ગંધ મારે છે અને આ બિમાર પડે છે. ગંદા પાણીનું વેણ એટલું બધું વધારે છે કે ખેડૂતોના ખેતરોમાં જવાનો નાળીયાનો રસ્તો પણ હાલ તો બંધ થઈ ગયો છે. હાલ તો અંકિતા કન્સલ્ટન્ટ દ્વારા કામમાં વેઠ ઉતારાતા ગટરની ગંદકી સાથે પાણી વહેતું થતાં સ્થાનિક રહીશો મુશ્કેલીમાં મુકાયા



હજુ પાલિકા દ્વારા કોઈ કાર્યવાહી હાથ ના ધરાતાં રહિશોમાં રોષ જોવા મલી રહ્યો છે.

પ્રાંતિજના નવાપુરા ખાતે છેલ્લા એક વર્ષથી પ્રાંતિજ સહિતના નગરપાલિકા વિસ્તારમાં આવેલ ગટરલાઈન નવાપુરા ખાતે લઈ જવામાં આવી છે. નવાપુરા રામદેવનગર વણઝારા વાસની પાછળના વિસ્તારોમાં છેલ્લા એક વર્ષથી ગટર લાઈનના કોન્ટ્રાકટર અંકિતા કન્સલ્ટન્ટ દ્વારા કામમાં વેઠ ઉતારાતા અને બે કુંડીઓ સુલભ પ્લાનથી આગળના ભાગેથી જ ઉભરાતા બધુ ગંદુ પાણી પાસે વિસ્તારના લોકોના નાકના ટેરવા પણ ચડી જાય છે. તો કેટલા ખેડૂતો ગંદુ પાણી ખેતી માટે ઉપયોગ કરવા લાગ્યા છે. સ્થાનિક રહીશો દ્વારા પ્રાંતિજ નગરપાલિકામાં અનેકવાર રજુઆતો કરવા છતા નઠોર તંત્ર દ્વારા આજદિન સુધી કોઈજ કાર્યવાહી કે કોઈ ફરકયુ પણ નથી. તો પાલિકા દ્વારા કોઈજ કાર્યવાહી ના થતાં રહીશો તોબા પોકારી ઉઠયા છે અને ગટરની ગંદકી અને દુર્ગંધને લઈને અહીં પાસે આવેલ રહેણાક વિસ્તારોમાં બિમારીએ ઘર કરીને બેઠી છે અને આ વિસ્તારના લોકો અવારનવાર જે ત્યારે આ વિસ્તારના માજી કોરપોરેટ શીવસિંહના જણાવ્યા મુજબ તંત્ર દ્વારા હજુયે કોઈ કાર્યવાહી હાથ ધરવામાં નહી આવ તો આ વિસ્તારમાં મહા બીમારી ફેલાય તો નવાઈ નહી. આ અંગે ચીફઓફિસર વિશાલ પટેલનો સંપર્ક કરતા તેવોએ જણાવ્યું કે એક બે દિવસમાં તંત્ર દ્વારા આ અંગે કાર્યવાહી કરવામાં આવશે. હવે જોવાનું રહ્યું કે છેલ્લાં એક વર્ષથી રહીશોની ફરીયાદ છતાં હજુ સુધી કાર્યવાહી હાથ ના ધરાતા શું એક-બે દિવસમાં કાર્યવાહી હાથ ધરવામાં આવશે કે કેમ એ તો હવે જોવાનું રહ્યું.

# સરકારી બોર્ડ ઉપર ખાનગી તત્વોની ઘોંસ

અરવલ્લી, તા. ૧૦

અરવલ્લી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારો સહીત રોડ અને હાઈવે પર ગામના સ્ટેન્ડ દર્શાવતા સરકારના જવાબદાર તંત્ર દ્વારા લગાવવામાં આવેલા સ્ટેન્ડ અને અંતર દર્શાવાતા બોર્ડ પર ખાનગી ધંધો અને વેપાર કરનાર લોકોએ ગેરકાયદેસર કબ્જો જમાવી દેતા સ્ટેન્ડ દર્શાવાતા બોર્ડ ઢંકાઈ જતા વાહનચાલકો અને અજાણ્યા લોકો ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હોવાથી જવાબદારતંત્ર દ્વારા સરકારી મિલ્કતનો દૂર ઉપયોગ કરતા ધંધાર્થીઓ સામે શખ્ત પગલાં ભરવાની માંગ સાથે સ્ટેન્ડ અને કિલોમીટર દર્શાવતા બોર્ડ પર લાગેલ જાહેરાત તાત્કાલિક અસરથી દૂર કરવામાં આવે તેવી લોક માંગણી પ્રબળ બની છે.




અરવલ્લી જિલ્લામાં આ રીતે ગામના સ્ટેન્ડ દર્શાવતા સ્થળોએ પાટિયા ઉપર જ ખાનગી લોકો પોતાના ધંધા રોજગારની જાહેરાતો ચિપકાવી દઈ ઠેર ઠેર સ્ટેન્ડોને ઢાંકી દેતા ઉતારુઓ તેમજ અજાણ્યા લોકોને જે તે ગામની ઓળખ નહિ થતા મુશ્કેલીમાં મુકાવું પડે છે. તંત્ર દ્વારા આ અંગે ઘટતાં પગલાં લેવાની તાતી જરૂર છે. આમ બે રોકટોક બધા જાહેરાતો ચિપાવતા જશે તો રસ્તાઓ ઉપરના બધા બોર્ડ ઢંકાઈ જશે અને બોર્ડનો કોઈ જ અર્થ સરશે નહિ.

# આજે આંજણા ચૌધરી સમાજનો પાંચમો સમુહલગ્નોત્સવ યોજાશે

અરવલ્લી, તા. ૧૦

અરવલ્લી જીલ્લા આંજણા ચૌધરી સમાજનો સળંગ પાંચમો સપ્તપદી સમૂહ લગ્નોત્સવ બેટી બચાવો બેટી વધવોની થીમ સાથે સમુહલગ્નનું આયોજન કરાયું છે. આખાય અવસરનું ઉદય વિઝન ધ્વારા ૧૫૦થી વધુ



યોજાશે. જેને લઈને કેટલાક દિવસથી સમૂહલગ્નની તાડમાર તેયારીઓ ચાલી રહી હતી.

આ સમૂહલગ્નમાં ૨૭ નવયુગલો પ્રભુતામાં પગલા પાડશે. ધનસુરાના ભેસવાળા રેલ્વે ક્રોસિંગની પાસેના સ્થળે સમુહલગ્ન યોજાશે.

આ સમુહ લગ્નમાં ૧૮ હજારથી વધુ લોકો ઉપસ્થિત રહેશે, ગામોમાં લાઈવ ટેલીકાસ્ટ કરાશે. સુરક્ષાના ભાગરૂપે ૫૦ સીસીટીવી કેમેરા લગાવાશે. સિનીયર સિટીજન માટે વ્હીલચેરની વ્યવસ્થા કરાશે. બાળકો માટે ઘોડિયા ઘરની વ્યવસ્થા કરાશે. જેમાં ૩૦ ઘોડિયા હશે. બાયડ નગરપાલિકાના ફાયર ફાયટરની વ્યવસ્થા કરાશે. ડ્રોન કેમેરાનો ઉપયોગ કરશે. સમગ્ર પોગ્રામ દરમિયાન આજુબાજુના પીએચસી સેન્ટરની ટીમ હાજર રહેશે. સેવા આપશે. સમાજના અગ્રણી ગુજરાતમાંથી ઉપસ્થિત રહેશે.

# ધનસુરામાં રાષ્ટ્રીય કૃમિનાશક દિનની ઉજવણી કરાઈ

ધનસુરા, તા. ૧૦

૧૦ ફેબ્રુઆરીના રોજ દેશભરમાં રાષ્ટ્રીય કૃમિનાશક દિનની ઉજવણી કરાઈ છે. ધનસુરામા રાષ્ટ્રીય કૃમિનાશક દિન નિમિત્તે બાળકોને કૃમિ ન થાય એ માટેની ગોળીઓ આપવામાં આવી હતી. આ નિમિત્તે ધનસુરા તાલુકાની પ્રાથમિક શાળાઓ અને આંગણવાડીના બાળકોને પણ કૃમિની ગોળીઓ અપાઈ હતી અને શાળાએ કે આંગણવાડીમા ન જતા બાળકોને આરોગ્યતંત્ર દ્વારા ઘેર જઈને કૃમિની ગોળીઓ અપાઈ હતી.

૧ થી ૨ વર્ષના બાળકોને અડધી ગોળી અપાઈ હતી અને ૨ થી ૧૯ વર્ષના બાળકોને આખી ગોળી અપાઈ હતી.

બાળકોને કૃમિથી લોહીની ઉણપ અને તેના કારણે થાક



લાગવો, શારિરીક વિકાસમા અડચણ જેવી તકલીફ પડે છે. કૃમિનાશક ગોળીઓથી બાળકો નુ સ્વાસ્થ્ય સારુ રહે છે અને બાળકોને પાંડુરોગ સામે રક્ષણ મળે છે. ધનસુરામા તાલુકા હેલ્થ ઓફિસર એસ.બી. ચારણજીના માર્ગદર્શન હેઠળ તાલુકામાં કૃમિદિન નિમિત્તે કાર્યક્રમ યોજાયો હતો અને તાલુકાની શાળાઓ અને આંગણવાડી અને શાળાએ ન જતા બાળકોને પણ આરોગ્યતંત્ર દ્વારા ઘેર ઘેર જઈને ગોળીઓ અપાઈ હતી.

# વડાગામમાં સતત બીજીવાર સરપંચપદે ચૂંટાયેલા સૂર્યભાણસિંહ રહેવરનું ભવ્ય વિજય સરઘસ નીકળ્યું

અરવલ્લી જિલ્લામાં વડાગામના સરપંચ તરીકે સતત બીજીવાર લોકપ્રિય સરપંચ સૂર્યભાણસિંહ રહેવર (જોયબાપુ) ચૂંટાઈ આવતા તેમનુ ભવ્ય વિજય સરઘસ નીકળતા આબાલવૃદ્ધ સહુકોઈ તેમાં જોડાયા હતા અને ખુશીની લહેર પ્રસરી ગઈ હતી.



અત્રે ઉલ્લેખનીય છે કે મોડાસા વિધાનસભા વિસ્તારના અગાઉ સતત ચાર ટર્મ ધારાસભ્ય તરીકે યશસ્વી સેવાઓ આપનાર પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમારે પણ વિસ્તારની અનેક સમસ્યાઓને હલ કરી પ્રજાની સેવા કરી છે તેવા જ સ્વ. ઠાકોર સંગ્રામસિંહજીએ ૧૯૯૨થી ૨૦૧૨ સુધી અવિરત સરપંચ તરીકે ચૂંટાઈને વિસ્તારમાં ઉમદા સેવાઓ આપેલી છે.

ત્યારબાદ ગુજરાતના સૌથી નાની વયના વહીવટી કુશળ એવા ઉત્સાહી ૨૧ વર્ષીય યુવાન સરપંચ કુમાર શ્રી સૂર્યભાણસિંહજી ઉદયભાણસીહજી રહેવર (જોયબાપુ) સતત બીજીવાર સરપંચ તરીકે ચૂંટાતા નીકળેલ વિજય સરઘસમાં વડગામ કા.સા. હમીરસિંહજી તેમજ ગામના આગેવાનો, યુવાનો સહિત વિશાળ જનમેદની જોડાઈ હતી. સૌએ સતત બીજીવાર ચૂંટાયેલા લોકપ્રિય સરપંચ જોયબાપુને આવકારી અભિનંદન પાઠવ્યા હતા. સરઘસમાં આજુબાજુના ગામોના ક્ષત્રિય આગેવાનો પણ જોડાયા હતા.

## થરાદના હરિપુરા નજીક અકસ્માત

થરાદ, તા. ૧૦

થરાદમાં વણથંભી અકસ્માતોની ઘટનાઓમાં શનિવારે સવારના નવ વાગ્યાના સુમારે થરાદ ડીસા હાઈવે પર હરિપુરા ગામના પાટિયા પાસે ડમ્પર અને પિકપડાલા વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.

જીજે-૨૪-યુ-૨૪૩ નંબરની પિકપ ગાડી થરાદથી ડીસા તરફ જઈ રહી હતી. ત્યારે હરિપુરા નજીક પહોંચતા ડીસા તરફથી આવી રહેલ ડમ્પર જીજે-૮-ઝેડ ૨૧૬૧ના ડ્રાઈવરે સ્ટેરિંગ પરનું કાબુ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો અને અકસ્માતમાં પિકપડાલાના ડ્રાઈવરને ઈજાઓ થતા તેને સારવાર અર્થે ખસેડાયો હતો અને ત્યાં લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. જ્યારે ડમ્પરનો ડ્રાઈવર ત્યાંથી નાસી છૂટ્યો હતો.

## ખેડબ્રહ્મામાં રાધાકૃષ્ણ મંદિરનો પાટોત્સવ ઉજવાયો

ખેડબ્રહ્મામાં ઠાકોર મંદિર ટ્રસ્ટ સંચાલિત રાધાકૃષ્ણ મંદિરમાં શનિવારે પાટોત્સવ ઉજવાયો હતો. જેમાં મહાપુજાના યજમાન તરીકે ડો. ચંદુલાલ પી. દવે પરિવારે લાભ લીધો હતો. જમને મહાપુજા અને ભગવાનની આરતી કરી હતી. આ પ્રસંગે મંદિર શિખર પર ધજા ચડવામાં આવી હતી. જેનો લાભ લખુભાઈ અટારાએ લીધો હતો. આ પ્રસંગે મંદિરના ટ્રસ્ટી અરવિંદભાઈ પટેલ, નારાયણભાઈ પ્રજાપતિ, પૂજારી જસવંતભાઈ પંડ્યા, ગોપી મંડળની બહેનો અને મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

## નારોલમાં મહિલા મિત્રની કરપીણ હત્યા

અમદાવાદ,તા. ૧૦

નારોલમાં હાલમાં થયેલી ઘાતકી હત્યાનો ભેદ આખરે ઉકેલાઈ ગયો છે. પોલીસે ઉંડી તપાસ હાથ ધરીને ગણતરીના કલાકોમાંજ હત્યાનો ભેદ ઉકેલીને મોટી સફળતા હાંસલ કરી છે. હાલમાં જ શહેરના નારોલ પાસે આવેલા સુએજ ફાર્મ પાસે મુસ્લિમ મહિલાની લોહીથી લથપથ લાસ મળી આવી હતી. માહિતી મળ્યા બાદ દાણીલીમડા પોલીસે તપાસ હાથ ધરી હતી. પોલીસને જાણવા મળ્યું છે કે, પત્ની દ્વારા કરવામાં આવતી શંકા અને રોજરોજના ઝઘડાથી બચવા માટે રિક્ષા ડ્રાઈવરે આખરે તેની મહિલા મિત્રની હત્યા કરી હતી.



## થરાદમાં ધોળા દિવસે લાઈટો ચાલુ

થરાદની સર્વોદય સોસાયટીમાં વીજના થાંભલાઓ પર લગાવેલ એલઈડી લાઈટો ધોળા દિવસે પણ ચાલુ જોવા મળી હતી. થરાદમાં ઠેર ઠેર નગરપાલિકા દ્વારા એલઈડી લાઈટો લગાવવામાં આવેલ છે. તે બંધ કરવાની આળસમાં ધોળા દિવસે પણ આ એલએડી લાઈટો ચાલુ જોવા મળે છે. થરાદમાં દરેક સોસાયટીમાં એલઈડી લાઈટો લગાવેલી છે. જે લાઈટો બંધ કરવાની આળસથી આજરોજ થરાદની સર્વોદય સોસાયટીમાં ધોળા દિવસે લાઈટો ચાલુ નજરે આવી હતી. એક તરફ સરકાર વીજ બચાવવાની વાતો કરી રહી છે તો બીજી તરફ સરકારના જ માણસોની આળસને લઈને લાઈટનો પાવર વેડફાતો નજરે આવી રહ્યો છે.

# મોડાસાના જીવણપુર ગામ નજીકથી વિદેશી દારૂ જપ્ત : કારચાલક ફરાર

મોડાસા, તા. ૧૦

મોડાસા રૂરલ પોલીસે ગ્રામ વિસ્તારના અંતરિયાળ માર્ગો પર સઘન પેટ્રોલિંગ હાથ ધરાતા મોડાસાના જીવણપુર ગામ નજીક મારૂતિ ૮૦૦ કારમાંથી બોલુન્દ્રા ગામની સીમમાંથી ૨૫૬૦૦ રૂપિયાનો વિદેશી દારૂ ઝડપાયો હતો. કારચાલક ઘટનાસ્થળે કાર મૂકી ફરાર થઈ જાતા મોડાસા રૂરલ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



મોડાસા તાલુકાના જીવણપુર ગામ નજીક બોલુન્દ્રા ગામની સીમમાંથી મોડાસા રૂરલ પોલીસે શુક્રવારે સાંજના ૭-૩૦ વાગ્યાના સુમારે નંબરપ્લેટ વગરની મારૂતિ ૮૦૦ કારમાંથી ગેરકાયદેસર વગર પાસપરમીટની વિદેશી દારૂની બોટલ/ટીન નંગ-૧૨૦ જેની કિં. રૂ. ૨૫૬૦૦નો જથ્થો જપ્ત કરી મારૂતિ ૮૦૦ કારની કિં. રૂ. ૪૦૦૦૦ સહીત કુલ રૂ. ૬૫૬૦૦નો મુદ્દામાલ ઝડપી પાડી ફરાર કાર ચાલક વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# કાંકરેજ તાલુકામાંયોજાનાર સામાન્ય તાલુકા અને જિલ્લા પંચાયતના કુલ ૧૭૦ ફોર્મ ભરાયા

બનાસકાંઠા જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોની ચૂંટણીને લઈ રાજકીય ગરમાવા વચ્ચે ફોર્મ ભરવાની છેલ્લી તા. ૮-૨-૨૦૧૮ના ૩ વાગ્યા સુધી કુલ ૧૭૦ ઉમેદવારોએ ફોર્મ રજુ કર્યા હતા. જોકે જિલ્લા પંચાયતની ૬ સીટો ઉપર ૨૮ ઉમેદવારી પત્રો ભરાયા હતા અને તાલુકા પંચાયતની ૩૦ સીટો ઉપર ૧૪૨ ઉમેદવારીપત્રો ભરાયા હતા. જેમાં છેલ્લી ઘડીએ ૩ વાગ્યા સુધી ભારે રસાકસી અને સમજુતી સાથે જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના ઉમેદવારોને મેન્ડેડ કોંગ્રેસ-ભાજપ દ્વારા અપાતા બન્ને પક્ષના લોકો ગેલમાં દેખાયા હતા. સામણવા-૧૭ તાલુકાની સીટ પર ભાજપના ઉમેદવાર રાવલ આશારામ પ્રભુભાઈએ ઉમેદવારી નોંધાવી છે. જેમાં ઉણ જિલ્લા પંચાયત સીટ ઉપર કોંગ્રેસના નવા ઉમેદવાર તરીકે વાઘેલા પુરણસિંહ જાલમસિંહની પસંદગી કરાઈ હતી. ભાજપમાં દેવજીભાઈ કમાભાઈ ચૌધરી-કંબોઈ જી.પં. કમુબા ગોપાળસિંહ સોલંકી કોંગ્રેસ અને ભાજપ જગનબા વાઘેલા, ખીમાણા-બળદેવભાઈ ઘાંઘોળ બીજેપી અને કોંગ્રેસ -ઈશ્વરભાઈ જેઠાભાઈ પટાણા, વાઘાભાઈ મગનભાઈ - બસપા જ્યારે શિહોરી જી.પં. વસંતીબેન અરવિંદભાઈ ગોહિલ બીજેપી અને મફિબેન બચુજી મકવાણા-કોંગ્રેસ - તેરવાડા જી.પં. સીટ ડામરાભાઈ લવજીભાઈ ખરસણ બીજેપી અને ભુપતાજી મકવાણા કોંગ્રેસ વડા જી.પં. પ્રવિણસિંહ ઉમેદસિંહ બીજેપી અને ચમનજી રાઠોડ કોંગ્રેસે ઉમેદવારી નોંધાવી છે.